પેજ 3

## મણિપુરની ફિલ્મ 'બુંગ'એ બાફ્ટામાં જીત્યો પુરસ્કાર

**એવોર્ડ** સ્વીકારતી વખતે નિર્દેશિકા લક્ષ્મીપ્રિયાએ મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત થાય તેવી ભાવનાત્મક પ્રાર્થના કરી, દિગ્ગજ અભિનેતા સ્વ. ધર્મેન્દ્રને 'વિશેષ શ્રદ્ધાંજલિ આપવામાં આવી



લંડન, તા. 23 (પીટીઆઈ): બ્રિટિશ એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટ્સ (બાફ્ટા) એવોર્ડ્સમાં ભારત માટે આ વર્ષે ઐતિહાસિક ક્ષણ રહી, જેમાં મણિપુરી ફિલ્મ 'બુંગ'એ બેસ્ટ ચિલ્ડ્રન એન્ડ ફેમિલી ફિલ્મનો પ્રતિષ્ઠિત પુરસ્કાર જીત્યો છે. લક્ષ્મીપ્રિયા દેવી દ્વારા નિર્દેશિત અને ફરહાન અખ્તરના એક્સેલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત આ ફિલ્મ એક નાના બાળકની વાર્તા છે, જે તેની માતાને સરપ્રાઈઝ આપવા માટે તેના લાપતા પિતાને શોધવા નીકળે છે. આ એવોર્ડ સ્વીકારતી વખતે નિર્દેશિકાએ મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત થાય અને ત્યાંના વિસ્થાપિત બાળકો ફરીથી પોતાનું બાળપણ જીવી શકે તેવી ભાવનાત્મક પ્રાર્થના કરી હતી. તેમણે જણાવ્યું કે આ ફિલ્મ તેમની દાદીમાએ કહેલી લોકકથાઓથી પ્રેરિત છે. આ ભવ્ય સમારોહમાં અન્ય ઘણી ભારતીય ક્ષણો પણ જોવા મળી હતી. હોલીવુડના કલાકારો વચ્ચે ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા સ્વ. ધર્મેન્દ્રને 'ઇન મેમોરિયમ' સેક્શનમાં વિશેષ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જે દરેક ભારતીય માટે ગર્વની વાત હતી. બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટે નોર્વેજીયન ફિલ્મ 'સેન્ટીમેન્ટલ વેલ્યુ'ને 'બેસ્ટ ફિલ્મ નોટ ઇન ઈંગ્લિશ લેંગ્વેજ' કેટેગરીમાં એવોર્ડ આપ્યો હતો, તેણે 'નમસ્કાર' કહીને સંબોધન કર્યું હતું. એવોર્ડ્સની અન્ય ખાસ કેટેગરીમાં ઓસ્કારની રેસમાં મોખરે રહેલી ફિલ્મ 'વન બેટલ આફ્ટર અનધર'એ છ પુરસ્કારો સાથે દબદબો જાળવી રાખ્યો હતો, જ્યારે 'સિનર્સ' અને 'ફ્રેન્કેસ્ટાઈન' જેવી ફિલ્મોએ ત્રણ-ત્રણ એવોર્ડ્સ મેળવ્યા હતા. 'બુંગ'ની આ જીત પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સહિતના નેતાઓએ અભિનંદન પાઠવ્યા હતા અને તેને મણિપુર અને સમગ્ર ભારત માટે અત્યંત ગર્વની ક્ષણ ગણાવી હતી.

## બાફ્ટા 2026માં સિલ્વર ગાઉનમાં આલિયા ભટ્ટે જાદુ વિખેર્યો, નમસ્કાર સાથે હિન્દીમાં સંબોધન કર્યું



લંડન, તા. 23: આલિયા ભટ્ટે બાફ્ટા 2026માં રેડ કાર્પેટ પર સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે ગુચી દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલ સિલ્વર સિક્વિન ગાઉન પહેર્યો હતો, જેની સાથે સફેદ ફર સ્ટોલ તેની સુંદરતામાં વધારો કરતો હતો. મિનિમલ એસેસરીઝ રાખી તેણે ગાઉનને આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું હતું અને ન્યુડ મેક-અપ સાથે તેણે પોતાનો લુક પૂર્ણ કર્યો હતો. 79મા બાફ્ટા એવોર્ડ્સમાં આલિયા ભટ્ટે પ્રેઝન્ટર તરીકે ડેબ્યુ કર્યું હતું. તેણે 'બેસ્ટ ફિલ્મ નોટ ઇન ઈંગ્લિશ લેંગ્વેજ' કેટેગરીમાં એવોર્ડ આપતી વખતે પોતાના સંબોધનની શરૂઆત હિન્દીમાં કરી બધાંને ચોંકાવી દીધા હતા. આલિયાએ મંચ પરથી ગૌરવ સાથે કહ્યું, 'નમસ્કાર! અગલા એવોર્ડ એક એસી ફિલ્મ કે લિયે હૈ, જો અંગ્રેજી મેં નહીં હૈ.' રેડ કાર્પેટ પર વાતચીત દરમિયાન આલિયાએ જણાવ્યું કે, 'મને કેમેરા સામે રહેવું ખૂબ ગમે છે અને હું મારા કામને ખૂબ પ્રેમ કરું છું.' જોકે, તેણે ભાવુક થતા એમ પણ ઉમેર્યું કે, 'અત્યારે મારી પ્રેરણા અને જાદુનો સાચો સ્ત્રોત મારી પુત્રી રાહા છે.'

## અમેરિકી હોકી ટીમ સાથે બિયર પાર્ટી કરતા કાશ પટેલના વીડિયોથી લોકોમાં રોષ

**એફબીઆઇના** ભારતીય મૂળના આ વડાના હોકી ટુર્નામેન્ટ માટેનો યુરોપ પ્રવાસ કરદાતાઓને ૭૫૦૦૦ ડોલરમાં પડ્યો



વૉશિંગ્ટન, તા. ૨૩: એફબીઆઇના ભારતીય મૂળના વડા કાશ પટેલ હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોના કારણે વિવાદમાં સપડાયા છે, જેમાં તેઓ વિન્ટર ઓલિમ્પિક્સમાં ટીમ યુએસએના પુરૂષ હોકી સ્ટાર્સ સાથે બીયર પીતા અને પાર્ટી કરતા જોવા મળી રહ્યા છે. આ ઘટનાને કારણે મતદારોમાં રોષ જન્મે તેવો ભય છે.

પટેલ, જેઓ પોતે એક નિવડેલા હોકી ખેલાડી અને રમતપ્રેમી છે, આ અઠવાડિયાની શરૂઆતમાં સરકારી જેટ દ્વારા ઈટાલી ગયા હતા. તેમની આ યુરોપ યાત્રાથી ટેક્સ ભરનારા નાગરિકોને 75,000 ડોલર(આશરે 62 લાખ રૂપિયાથી વધુ) નો ખર્ચ થઈ શકે તેમ છે, જેને લઈને સોશિયલ મીડિયા પર તીખી પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે - જો કે એફબીઆઈએ સ્પષ્ટતા કરી છે કે 'આ કોઈ અંગત પ્રવાસ નથી.'

રવિવારે મિલાનમાં રમાયેલી મેચમાં તેઓ સ્ટેન્ડમાં હાજર હતા, જ્યાં માઈક સુલીવાનની ટીમે તેમના કટ્ટર હરીફોને ઓવરટાઈમમાં 2-1 થી હરાવ્યા હતા. મેચ પૂરી થયા બાદ, પટેલે વિજેતા અમેરિકી ટીમનું સન્માન કર્યું હતું અને ઉજવણીમાં સામેલ થવા માટે લોકર રૂમમાં પહોંચ્યા હતા. પ્રોપબ્લિકા અને વોશિંગ્ટન પોસ્ટ જેવી ન્યૂઝ સંસ્થાઓ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં પટેલ બીયર પીતા અને ઉડાડતા જોવા મળે છે. ત્યારબાદ તેઓ ટેબલ પછાડીને જોરશોરથી ઉજવણી કરે છે અને છેલ્લે તેમના ગળામાં ગોલ્ડ મેડલ પહેરાવવામાં આવે છે.

## બોમ્બની ધમકીઓ મળતા દિલ્હીમાં મેટ્રો સ્ટેશનો સહિત સુરક્ષા વધારાઈ

નવી દિલ્હી, તા. ૨૩ (PTI): એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે, ઈ-મેઈલ દ્વારા શ્રેણીબદ્ધ બોમ્બની ધમકીઓ મળ્યા બાદ દિલ્હીના તમામ મેટ્રો સ્ટેશનો અને મુખ્ય સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે.દિલ્હી સચિવાલય, દિલ્હી વિધાનસભા, લાલ કિલ્લો અને બે શાળાઓ સહિત અનેક સંસ્થાઓને દિવસની શરૂઆતમાં બોમ્બની ધમકી આપતા ઈ-મેઈલ મળ્યા હતા, જેને સુરક્ષા એજન્સીઓ દ્વારા વ્યાપક તપાસ બાદ અફવા જાહેર કરવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ''અમારી સાયબર ટીમો તે આઈપી એડ્રેસને ટ્રેસ કરવાનો પ્રયાસ કરી રહી છે જેના ઉપયોગથી કેટલાંક તોફાની તત્ત્વો બોમ્બની ધમકીઓ આપી રહ્યાં છે. આવા ગુનેગારો પોલીસ તપાસને ગેરમાર્ગે દોરવા માટે વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્કનો ઉપયોગ કરીને ઈ-મેઈલ મોકલી રહ્યા છે, પરંતુ અમારા નિષ્ણાતો ગુનેગારોને શોધી કાઢશે.''

## બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાને સૈન્યમાં મોટો ફેરબદલ કર્યો

**લેફ્ટનન્ટ** જનરલ એમ. મૈનુર રહેમાનને નવા ચીફ ઓફ જનરલ સ્ટાફ તરીકે નિયુક્ત કર્યા

**સૈન્ય** પર પોતાની પકડ મજબૂત કરવા તારીક રહેમાને આ ફેરફાર કર્યા

ઢાકા, તા. 23: બાંગ્લાદેશમાં તારિક રહેમાનના નેતૃત્વમાં નવી સરકારની રચનાના થોડાક દિવસોમાં જ સૈન્યના ઉચ્ચ સ્તરે મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. 12 ફેબ્રુઆરીની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મેળવ્યા બાદ, 17 ફેબ્રુઆરીએ વડા પ્રધાન તરીકે શપથ લેનારા તારિક રહેમાને સેનાના મહત્વના વ્યૂહાત્મક કમાન્ડ અને ગુપ્તચર એજન્સીઓમાં મોટા ફેરબદલ કર્યા છે.

આ ફેરફાર હેઠળ, લેફ્ટનન્ટ જનરલ એમ. મૈનુર રહેમાનને નવા ચીફ ઓફ જનરલ સ્ટાફ (સીજીએસ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, બાંગ્લાદેશની શક્તિશાળી સૈન્ય ગુપ્તચર એજન્સી ડીજીએફઆઈના ડાયરેક્ટર જનરલ તરીકે મેજર જનરલ કૈસર રાશિદ ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. તેમણે મોહમ્મદ જહાંગીર આલમનું સ્થાન લીધું છે, જેમને વિદેશ મંત્રાલયમાં રાજદૂત તરીકે મોકલવામાં આવ્યા છે.

અન્ય મહત્વના ફેરફારોમાં, લેફ્ટનન્ટ જનરલ મીર મુશફિકુર રહેમાનને નવા પ્રિન્સિપલ સ્ટાફ ઓફિસર (પીએસઓ) બનાવવામાં આવ્યા છે. વધુમાં, ભારતમાં બાંગ્લાદેશ હાઈ કમિશનમાં સંરક્ષણ સલાહકાર તરીકે કાર્યરત બ્રિગેડિયર જનરલ મોહમ્મદ હફીઝુર રહેમાનને પરત બોલાવી, મેજર જનરલ તરીકે પ્રમોશન આપી 55મી ઈન્ફન્ટ્રી ડિવિઝનના જીઓસી તરીકે નિયુક્ત કરાયા છે. તારિક રહેમાનની આ કવાયત સૈન્ય પર પોતાની પકડ મજબૂત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

## અમેરિકાના પૂર્વ કાઠે 20 ઈંચ બરફ પડતાં જનજીવન ઠપ

**હજારો** લોકો વિજળી વિહોણા, પ્રવાસની ભારે અંધાધૂંધી

**અનેક** રાજ્યોમાં કટોકટી જાહેર, દેશભરમાં ૯૦૦૦ જેટલી ફલાઇટો રદ



ન્યૂયોર્ક, તા. ૨૩: રવિવારે રાત્રે થયેલી પ્રચંડ હિમવર્ષાને કારણે અમેરિકાના પૂર્વ કિનારા પર ભારે અંધાધૂંધી સર્જાઈ છે, જ્યાં ૨૦ ઈંચથી વધુ બરફ પડ્યો છે.

ભારે હવામાનને કારણે સોમવારે સવારે ન્યૂયોર્ક સિટી, ફિલાડેલ્ફિયા અને બોસ્ટન જતી અને ત્યાંથી આવતી લગભગ તમામ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. આ વિનાશક વાવાઝોડાને કારણે અનેક રાજ્યોમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. રવિવારથી અત્યાર સુધીમાં દેશભરમાં કુલ ૯,૦૦૦ જેટલી ફ્લાઈટ્સ રદ થઈ છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આ વાવાઝોડાને કારણે આગામી દિવસોમાં પણ મુસાફરી પ્રભાવિત થવાની શક્યતા છે.

સૌથી વધુ અસર પામેલા એરપોર્ટ્સમાં ન્યૂયોર્કના JFK અને લાગાર્ડિયા, ન્યૂ જર્સીનું નેવાર્ક, ફિલાડેલ્ફિયા ઈન્ટરનેશનલ અને વોશિંગ્ટન ડીસીનું રીગન ઈન્ટરનેશનલ એરપોર્ટ સામેલ છે. આ 'વેધર બોમ્બ' આખા અમેરિકામાં મુસાફરીઓ પર અસર કરે તેવી શક્યતા છે, કારણ કે ઉત્તર-પૂર્વમાં વિમાનો ફસાયેલા હોવાથી કનેક્ટિંગ ફ્લાઈટ્સ કપાઈ ગઈ છે, જેનાથી બરફ ન હોય તેવા એરપોર્ટ્સ પણ પ્રભાવિત થયા છે. અધિકારીઓએ તમામ મુસાફરોને તેમની ફ્લાઈટનું સ્ટેટસ તપાસવા વિનંતી કરી છે. ખરાબ હવામાનને કારણે મોટાભાગની એરલાઈન્સ કોઈપણ દંડ વગર ફ્લાઈટ રીબુક કરવાની સુવિધા આપી રહી છે. ફ્લાઈટઅવેર મુજબ, સોમવારે સવારે ન્યૂયોર્ક સિટીના એરપોર્ટ્સ પર રદ થયેલી ફ્લાઈટ્સનું પ્રમાણ લગભગ ૯૯% હતું, અને હવામાનશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે કે સોમવાર દરમિયાન હજુ વધુ હિમવર્ષા થઈ શકે છે. પૂર્વ કિનારે ત્રાટકેલા આ ભયાનક શિયાળુ તોફાનને કારણે ન્યૂયોર્ક અને મેસેચ્યુસેટ્સના ગવર્નરોએ નેશનલ ગાર્ડને તૈનાત કરી દીધા છે.

## પૂર્વ રેલવે મંત્રી મુકુલ રોયનું 71 વર્ષની વયે નિધન



કોલકાતા, તા. 23 (PTI): પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ક્યારેક સૌથી વિશ્વાસુ લેફ્ટનન્ટ અને ટીએમસીના મુખ્ય વ્યૂહરચનાકાર ગણાતા પૂર્વ રેલવે મંત્રી મુકુલ રોયનું સોમવારે વહેલી સવારે અહીંની એક ખાનગી હોસ્પિટલમાં હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું છે. તેઓ 71 વર્ષના હતા અને તેમના પરિવારમાં પુત્ર શુભ્રાંશુ રોય છે. શુભ્રાંશુ રોયે જણાવ્યું હતું કે, તેમણે સોલ્ટ લેક સ્થિત હોસ્પિટલમાં મળસ્કે 1.30 વાગ્યાની આસપાસ અંતિમ શ્વાસ લીધા હતા.તેઓ અનેક બીમારીઓથી પીડાતા હતા અને છેલ્લાં બે વર્ષથી હોસ્પિટલમાં આવતા-જતા રહેતા હતા. પરિવારના સભ્યોએ જણાવ્યું કે, તેમને ડિમેન્શિયા (સ્મૃતિ ભ્રંશ) હોવાનું પણ નિદાન થયું હતું અને તાજેતરમાં તેઓ કોમામાં સરી પડ્યા હતા. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને પશ્ચિમ બંગાળના બે વખતના રાજ્યસભા સભ્ય રહી ચૂકેલા રોયની ચાર દાયકા લાંબી રાજકીય સફરમાં તેમણે કોંગ્રેસ, ટીએમસી અને બીજેપીમાં સેવા આપી હતી. મુકુલ રોયની રાજકીય કારકિર્દી યુથ કોંગ્રેસથી શરૂ થઈ હતી, જે બાદમાં 1998માં જ્યારે મમતા બેનર્જીએ તૃણમૂલ કોંગ્રેસની રચના કરવા માટે જૂની પાર્ટી (કોંગ્રેસ) છોડી ત્યારે તેઓ તેમની સાથે જોડાયા હતા.


Grasim Cellulosic Division
(Unit: Grasim Industries Ltd.)
Vilayat Plant: -
Plot No.1, G.I.D.C. (Vilayat industrial Estate), PO.-Vilayat, Taluka-Vagra, Dist.-Bharuch-392012, Gujarat..
(Mr. Ronak Parekh-7069304836)
(Mr. Mehulkumar Panchal-8347006316)
Auction for Scrap Sale by Global E Auction, Delhi
Grasim Cellulosic Division will be disposing scrap items through E-Auction by Global E Auction, Delhi. Material- Pulp Wrapper (Brown/White), GI Wire, Ms Scrap, Empty MS /HDPE Drums, SS/ MS Mix Scrap, Brass Scrap, Copper/Aluminums Cable Scrap, E-Waste, HDPE Small & Jumbo Bag, Copper Cable, Aluminum Cable, & other miscellaneous scrap materials as per catalog.
The E-Auction will be held on 07th March, 2026.
Inspection will be on following dates 23rd February to 06th March, 2026.
Time: 09:00 AM To 03:00 PM
The Items will be sold on "AS IS WHERE IS BASIS" as per the detailed terms and conditions contained in the catalogue, available on website. For more details contact.
M/s. Global E Auction Pvt Ltd, Delhi
(Mr. Vikash Thakur-9311899857)
(Mr. Ravi Kant -9582263207)
Web: www.globaleauction.com


